

GJ
891.474
So 588 A

# [illegible]ા ગાંધીજી

રમણલાલ સોની

# ખાદીદેવ ગાંધીજી

ગાંધીજી ગુજરાત આવ્યા, ખાદીનો પેગામ લાવ્યા.
ઘર ઘરના ઉદ્યોગો સાથે ઘર ઘરનું સ્વરાજ લાવ્યા !

હાથે લોઢીને રૂ લાવ્યા, હાથે પીંજી પૂણીઓ લાવ્યા,
હાથે કાંતેલા સૂતરની હાથવણેલી ખાદી લાવ્યા !

કહે સાળવી, દેવ આવ્યો, ધંધો મારો લેતો આવ્યો !
કહે પીંજારો, વીર આવ્યો, પીંજણિયામાં પ્રાણ લાવ્યો !

કહે કોઈ: કારીગર આવ્યો, કહે કોઈ: ભડવીર આવ્યો,
કહે કોઈ અમ ઉદ્યોગોનો સાચો તારણહાર આવ્યો !

અનાથનો એ નાથ આવ્યો, નિર્ધનનો આધાર આવ્યો
ભૂખે પેટે સૂનારાનો ખાડાનો પૂરનાર આવ્યો !

અણપઢનો જાદુગર આવ્યો, તપિયાંનો ગુરુદેવ આવ્યો
શિક્ષિતોનો કલાકાર, દુઃખીનો 'ખાદીદેવ આવ્યો !

□

આઠથી દસ વર્ષનાં બાળકો માટે

# આપણા ગાંધીજી

GANDHI BOOK CENTRE
Bombay Sarvodaya Mandal,
299, Tardeo Road, Nana Chowk,
Bombay 400 007.
Phone : 3872061, 3878730

રમણલાલ સોની

*પ્રભુ છે એક, ભૂમિ છે એક,*
*પિતા છે એક, માત છે એક,*
*આપણે એકની પ્રજા અનેક !*
*કવિ ન્હાનાલાલ*

ગાંધી

૧૨૫

કુંવરજી કરમશી તાડપત્રીવાળા ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ-૫૬
મુંબઈ સર્વોદય મંડળ, તારદેવ, મુંબઈ-૭

Aapana Gandhiji – Life of Gandhiji for Children of 8-10 age-group, in Gujarati by Ramanlal Soni

© રમણલાલ સોની

Acc. No. 130237
Date 8-9-2010

પ્રથમ સંસ્કરણ

પ્રત : ૪૦૦૦

કિંમત : રૂ. ૬-૦૦

તા. ૩૦-૧-૧૯૯૪

ફોટો : જગન મહેતા

GJ 891.474 So588 A

પ્રકાશક :
તુલસીદાસ સોમૈયા
મુંબઈ સર્વોદય મંડળ,
મુંબઈ-૪૦૦ ૦૦૭

હીરજી કુંવરજી નીસર
(બાબુભાઈ તાડપત્રીવાળા)
કુંવરજી કરમશી તાડપત્રીવાળા ચેરિ. ટ્રસ્ટ વતી
મુંબઈ-૪૦૦ ૦૫૬

Library IIAS, Shimla
GJ 891.474 SO 588 A
00130237

લેસર ટાઈપસેટિંગ :
ઈમેજ સિસ્ટમ્સ
1/M નેશનલ ચેમ્બર્સ
આશ્રમ રોડ
અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૪૦૦૬૮૮

મુદ્રક :
ભગવતી ઑફસેટ
૧૯, અજય ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ
દૂધેશ્વર, અમદાવાદ-૩૮૦ ૦૦૪

સૌથી ગરીબમાં ગરીબ હિંદુસ્તાનીના જીવનની સાથે હું મારા જીવનને એક કરી દેવા ચાહું છું. મને ખબર છે કે આ સિવાય બીજી કોઈ રીતે મને ઈશ્વરનાં દર્શન થઈ જ શકે નહિ. મારે ઈશ્વરને નજરોનજર જોવો છે, એ માટે હું અધીરો થઈ ગયો છું. જ્યાં સુધી હું સૌથી ગરીબમાં ગરીબ ન બની જાઉં ત્યાં સુધી મને ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ જ શકવાનો નથી. જ્યાં લગી એને (ગરીબમાં ગરીબને) પેટ ભરીને ખાવાનું ન મળે અને પહેરવાને પૂરાં કપડાં ન મળે ત્યાં લગી મને ખાવું પહેરવું ગમતું નથી. જો ઈશ્વરે મને કમજોર ન બનાવ્યો હોત તો મેં મારા જીવનમાં આથી પણ વધારે ફેરફારો કર્યા હોત. હિંદુસ્તાનના કરોડો લોકોને તો મારા જેટલાં કપડાં પણ નથી મળતાં, એ લોકો તો માત્ર લંગોટી વીંટાળીને ફરે છે. કરોડો લોકોએ ચંપલ જોઈ પણ નથી હોતી. એમને એની જરૂર પણ નથી લાગતી. ગરીબ લોકો પટ્ટીદાર ગળાવાળાં કુરતા ક્યાંથી લાવે ? એમને ટોપી પણ કોણ આપે ? આપણે આવાં કપડાં પહેરીને આ ગરીબોને કપડાં નહિ પહેરાવી શકીએ; પરંતુ આપણો ધર્મ તો એ છે કે પહેલાં એમને કપડું પહેરાવીએ અને પછી આપણે પહેરીએ, પહેલાં એમને ખવડાવીએ અને પછી આપણે ખાઈએ ! હું નમ્રતાપૂર્વક એ બતાવવા માગું છું કે આ દેશના ગરીબોને તો પેટ ભરીને ખાવા પણ નથી મળતું — પછી પહેરવેશમાં સુધારો કરવાની વાત પણ કેવી રીતે થઈ શકે ?

ગાંધીજી

આ જગાએ તમે અને હું બેઠા છીએ એની જેટલી ખાતરી છે, તેના કરતાં પણ વધારે પાકી ખાતરી મને ઈશ્વરના અસ્તિત્વની છે.

❑

ઈશ્વર મને જે બળ આપે છે તે સિવાય બીજું કોઈ બળ મારામાં નથી. આ વિશ્વના સનાતન અફર કાનૂન દ્વારા વ્યક્ત થતી એની ઇચ્છા સિવાય કશું જ કદી બનતું નથી.

❑

હું હવા અને પાણી વિના જીવી શકું, પણ ઈશ્વર વિના નહિ. તમે મારી આંખો ખેંચી કાઢી શકો, પણ તેથી મારું મૃત્યુ થવાનું નથી. પણ તમે મારી ઈશ્વર પ્રત્યેની આસ્થાનો વિચ્છેદ કરો તો હું મરી જાઉં.

❑

મેં જીવનમાં જે કંઈ અવનવાં કામ કર્યાં છે તે મારી અક્કલબુદ્ધિથી નહિ, પણ આત્માના અવાજથી, હું કહીશ કે ઈશ્વરની ઇચ્છાથી કર્યાં છે.

❑

દુનિયાના પ્રત્યેક માનવી સાથે હું તાદાત્મ્ય અનુભવું છું અને મને લાગે છે કે દુનિયાનો એક નાનામાં નાનો માનવી પણ ખુશ ન હોય તો હું ખુશ રહી શકું નહિ.

ગાંધીજી

## લેખક તરફથી

આજે દેશની પરિસ્થિતિ જોઈ અંતર વ્યથા અનુભવે છે, તેવે વખતે ગાંધીજીનું જીવન એ આશ્વાસનનો મોટો સ્રોત છે. નાનાં બાળકોને એ સ્રોતનો પરિચય થાય તો પાયાનું કંઈક કામ કર્યાનો સંતોષ મળે એ હેતુથી આ નાનકડી પુસ્તિકા લખાઈ અને શ્રી કુંવરજી કરમશી તાડપત્રીવાળા ચૅરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ તાડપત્રીવાળા તથા મુંબઈ સર્વોદય મંડળના કાર્યકર્તા શ્રી તુલસીદાસભાઈ સોમૈયા તથા સ્નેહી શ્રી પ્રફુલ્લભાઈ વોરા તથા ભાઈશ્રી બાલુભાઈ પારેખના સાથ સહકાર અને પ્રોત્સાહનથી તે પ્રકાશિત થઈ શકે છે એનો આનંદ છે.

સદ્‌ગત શ્રી નગીનભાઈ પારેખ સાચ્ચા ગાંધીજન હતા. તેમનું સમગ્ર જીવન ગાંધીજી જેવું જ સાદું, નિર્મળ, પારદર્શક અને સિદ્ધાન્તનિષ્ઠ હતું.

ગુજરાતે વિશ્વને મહાત્મા ગાંધીજી આપ્યા, બંગાળે મહાકવિ રવીન્દ્રનાથ આપ્યા. ગુજરાતમાં મહાત્માજીની વિદ્યાપીઠ અને બંગાળમાં મહાકવિનું શાંતિનિકેતન. સદ્‌ગત શ્રી નગીનદાસ પારેખે આ બંને મહાપુરુષોનું અને એમણે સ્થાપેલી બંને સંસ્થાઓનું સાન્નિધ્ય માણ્યું અને શોભાવ્યું. તેઓ સાચ્ચા ગાંધીજન હતા. ગાંધીજી જેવું જ તેમનું સમગ્ર જીવન સાદું, સરળ, પારદર્શક અને સિદ્ધાન્તનિષ્ઠ હતું. મહાત્માજીની વિચારસરણી અને મહાકવિનું તત્ત્વજ્ઞાન બંને તેમને હસ્તમલક હતાં. છેક નેવું વર્ષની વયે તેઓ વિદેહ થયા ત્યારે પણ તેમની રેંટિયાની ઉપાસના ચાલુ હતી. પ્રાચીનકાળના ઋષિમુનિ જેવું એમનું જીવન હતું. આજે તેઓ હયાત હોત તો આ નાનકડી પુસ્તિકા તેમના આશીર્વાદથી સમૃદ્ધ થાત. આજે આ પ્રસંગે તેમની પહેલી પુણ્યતિથિએ તેમને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરી વંદના અર્પું છું.

અમદાવાદ, ૧૯-૧-૧૯૯૪ — રમણલાલ સોની

## એ સ્વર્ગમાં, હે પિતા,
## તું ભારતને જગાડ !

ચિત્ત જ્યાં ભયશૂન્ય છે; શિર જ્યાં ઉન્નત છે;

જ્ઞાન જ્યાં મુક્ત છે; ઘરઘરના વાડાઓએ જ્યાં રાતદિવસ વસુધાના નાના નાના ટુકડા કરી મૂક્યા નથી;

વાણી જ્યાં હૃદયના ઝરણામાંથી સીધી વહે છે;

કર્મનો પ્રવાહ જ્યાં રૂંધાયા વિના દેશે દેશે અને દિશાએ દિશાએ સતત સહસ્રવિધ સફળતા પ્રતિ ધસે છે;

તુચ્છ આચાર રૂપી રણની રેતીએ જ્યાં વિચારના ઝરણાને ગ્રસી લીધું નથી, અને પૌરુષના લાખ લાખ ટુકડા કરી નાખ્યા નથી;

જ્યાં હંમેશાં તું સકળ કર્મ, વિચાર અને આનંદનો નેતા છે;
ત્યાં, ત્યાં જ
તે સ્વર્ગમાં,
તારે પોતાને હાથે નિર્દય આઘાત કરી, હે પિતા,
તું ભારતને જગાડ !

*રવીન્દ્રનાથ ટાગોર*
*'ગીતાંજલિ'માંથી - અનુવાદક : નગીનદાસ પારેખ*

## પ્રકાશકોનું નિવેદન

આ વર્ષે (સને ૧૯૯૪) ગાંધીજીની ૧૨૫મી જન્મગાંઠ દેશમાં ભારે આનંદ-ઉલ્લાસ સાથે ઊજવાઈ રહી છે. દેશની પરિસ્થિતિ કદી ન હતી એવી આજે વિકટ છે. ઉપનિષદમાં આંખે પાટા બાંધીને ગાઢ વનમાં છોડી દેવાયેલા માણસની વાત આવે છે તેના જેવી આજે આપણા દેશની હાલત છે. આંખનો પાટો છોડનાર રાહબર વિના એ વનમાં ભૂલ્યો ભમે છે અને ગોથાં ખાય છે. ભારત માટે એવો રાહબર ગાંધીજી સિવાય બીજો કોઈ નથી એ હવે સમજાવા લાગ્યું છે એ આપણું સદ્ભાગ્ય છે.

આ પ્રસંગે નાનાં બાળકોને ગાંધીજીનો વાસ્તવિક પરિચય કરાવવાના હેતુથી આ નાનકડી પુસ્તિકા જાણીતા બાળસાહિત્યકાર શ્રી રમણલાલ સોનીએ તૈયાર કરી છે. ગાંધીજી જે મૂલ્યો માટે જીવ્યા અને જે મૂલ્યોની એમણે પ્રાણના ભોગે પ્રસ્થાપના કરી તેનું બાળકોનાં કુમળાં ચિત્ત પર બરાબર ચિત્ર ઊપસે તે માટે થઈને આ એક પ્રયત્ન છે.

ઈસુ, મહાવીર કે બુદ્ધ જેમ કોઈ એક દેશના કે પંથના કે વાડાના નથી, પણ સમગ્ર વિશ્વના છે; તેમની વિચારસરણીમાંથી કોઈ બાદ નથી, પ્રાણીમાત્રને તેમાં સ્થાન છે; ખેડૂત, ખેતી, ખાદી, ગૃહઉદ્યોગની સાથે વૃક્ષવનસ્પતિને પણ ગાંધીજી વીસર્યા નથી. ગાંધીજીનો વૃક્ષપ્રેમ જાણીતો છે.

પ્રકાશનું એક નાજુક કિરણ ગાઢ અંધકારને વિદારી નાખે તેમ અંધારે અટવાતો આપણો સમાજ, આપણી કુટુંબસંસ્થા, આપણી સરકાર જો શ્રીમદ્ રાજચંદ્ર, ભગવાન મહાવીર કે મહાત્મા ગાંધીજીના બતાવેલા માર્ગે ચાલશે તો સૌના સુખનો સૂરજ ઊગશે, નહિ તો દુઃખનો દાવાનળ મોં ફાડી સામે ઊભો છે.

આપણો જગતનો તાત ખેડૂત અને આપણા સમૂહજીવનનું એકમ ગામડું સમૃદ્ધ થશે તો જ સમગ્ર જનતા સુખી થશે —

શહેરીકરણનો ભરડો ગ્રામજીવનના ઉમંગ-ઉલ્લાસને ખતમ કરશે અને દેશની આર્થિક-નૈતિક નૌકાને ખરાબે ચડાવશે.

વૃક્ષારોપણ અને વૃક્ષસેવા દ્વારા દેશની વનસંપત્તિને સમૃદ્ધ કરવાને બદલે, વનસંપત્તિનો નાશ કરી લીલીછમ ભૂમિને કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ કે એવી ઈન્ડસ્ટ્રીઝના નામે રણમાં ફેરવવાના પ્રયત્નો વર્તમાન અને ભાવિ પ્રજાને માટે ખતરનાક સાબિત થવાના છે. આવે વખતે દુનિયાભરની સુખશાંતિનો ગાંધીચીંધ્યો રાહ દેખાડવા જનહિતલક્ષી સંસ્થાઓએ અને વ્યક્તિઓએ આજે આગળ આવવાની ખાસ જરૂર છે. પ્રભુ સૌને સદ્‌બુદ્ધિ આપે અને સ્વામી વિવેકાનંદે જેને 'પુણ્યભૂમિ' કહી છે તે, ભારત સાચે જ પુણ્યભૂમિ બની રહે એવી જગદીશને પ્રાર્થના !

મુંબઈ, તા.૧૪-૧-૯૪

લિ.

તુલસીદાસ સોમૈયા
મુંબઈ સર્વોદય મંડળ
૨૯૯, તારદેવ રોડ, નાનાચોક
મુંબઈ-૪૦૦ ૦૦૭

હીરજી કુંવરજી નીસર
(બાબુભાઈ તાડપત્રીવાળા)
કુંવરજી કરમશી તાડપત્રીવાળા ચેરિ. ટ્રસ્ટ
૬૪, સ્વસ્તિક સોસાયટી, ચોથો રસ્તો,
જૂહુ, વિલેપાર્લા(પશ્ચિમ) મુંબઈ-૫૬

# આપણા ગાંધીજી

*મારગમાં કંટક પડ્યા,*
*સૌને નડ્યા,*
*બાજુ મૂક્યા ઊંચકી*
*તે દી નકી*
        *જન્મ ગાંધી બાપુનો,*
*સત્યના અમોઘ મોંઘા જાદુનો !*

ઉમાશંકર જોશી

## ગાંધીબાપુનું પ્રિય ભજન

વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પર:દુખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે.

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામશું તાળી લાગી, સકલ તીરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટ રહિત છે, કામક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરસન કરતાં કુળ એકોતેર તાર્યાં રે.

*નરસિંહ મહેતા*

સુણો સુણો આ કથા પ્રેમથી રાષ્ટ્રપિતા ગાંધીજીની,
નવી નવેલી વિજયવારતા રાષ્ટ્રપિતા ગાંધીજીની !

૧. મોહનદાસ કરીને એક છોકરો હતો.
એનું આખું નામ મોહનદાસ કરમચંદ ગાંધી.
આપણે એને ગાંધીજી કહીએ છીએ.
તેઓ આપણા દેશના રાષ્ટ્રપિતા છે.
તેઓ રાષ્ટ્રપિતા કેવી રીતે બન્યા તેની આ કથા છે.

૨. સૌરાષ્ટ્રના પોરબંદર ગામમાં ગાંધીજીનો જન્મ.
સને ૧૮૬૯ના ઑક્ટોબર માસની બીજી તારીખે, ભાદરવા વદ બારશે.
આ બારશને રેંટિયાબારશ કહે છે.

૩. નાનો મોહન શાળામાં ભણવા જાય.
કેટલાક છોકરા ચોરીછૂપીથી એકબીજાની સિલેટમાં જોઈને લખે, પણ મોહન એવું કરે નહિ. એ જાણે કે ચોરીછૂપીથી આપણાથી કંઈ કરાય નહિ, આપણાથી કોઈને છેતરાય નહિ.
માબાપની સેવા કરનારા શ્રવણની વારતા એને બહુ ગમે. એ કહે : 'હું પણ શ્રવણની પેઠે મારાં માબાપની સેવા કરીશ.'

સત્યવાદી હરિશ્ચન્દ્રની વારતા પણ એને બહુ ગમે. એ કહે : 'હરિશ્ચન્દ્ર જેવો હું સત્યવાદી થઈશ.'

નાના મોહનને અંધારામાં જતાં બીક લાગે. પણ રંભા નામની એક ગરીબ બાઈએ એને કહ્યું કે રામનું નામ લે, તો તને બીક નહિ લાગે. બસ, ત્યારથી રામનામ તેની જીભે બેસી ગયું.

આમ મોહન જે વાંચે, જે જુએ, જે સાંભળે તે મનમાં ઉતારે.

૪. મોહનના પિતા રાજકોટના દીવાન હતા.

તેમને ઘેર મોટા મોટા માણસો ભેગા થાય — તેમાં કોઈ હિંદુ હોય, કોઈ મુસલમાન હોય, કોઈ પારસી કે ખ્રિસ્તી પણ હોય.

બધા પોતાના ધર્મની વાતો કરે.

મોહન એક કોરે બેસી બધું સાંભળે ને મનમાં સંઘરે.

એને સમજાઈ ગયું કે બધા ધર્મ સરખા છે.

નામ જુદા, રસ્તા જુદા, પણ બધાનો ભગવાન એક.

૫. ભણતાં ભણતાં ગાંધીજી ઓગણીસ વર્ષના થયા.

વધારે ભણવા માટે એ વિલાયત ગયા.

જતા પહેલાં એની માતાએ કહ્યું : 'દીકરા, દારૂ પીતો નહિ, માંસ-માટી ખાતો નહિ અને કુસંગમાં પડતો નહિ.'

માતાનું આ વચન ગાંધીજીએ બરાબર પાળ્યું.

ત્રણ વર્ષે વિલાયતથી બૅરિસ્ટર થઈને એ દેશમાં પાછા આવ્યા.

૬. તેમણે વકીલાત શરૂ કરી.

પણ કોઈનો ખોટો કેસ હાથમાં લે નહિ.

કોઈને ખોટી સલાહ આપે નહિ.

થોડા વખત પછી, વકીલ તરીકે તેમને દક્ષિણ આફ્રિકા જવાનું થયું.

તે વખતે આપણા દેશમાં જેમ અંગ્રેજોનું રાજ્ય હતું, તેમ દક્ષિણ આફ્રિકામાં પણ હતું.

ત્યાં ઘણા હિંદીઓ હતા.

ગોરા લોકો હિંદીઓને કુલી કહેતા. કુલી એટલે મજૂર.

૭. એક વાર ગાંધીજી રેલગાડીના પહેલા વર્ગમાં મુસાફરી કરતા હતા.

ગોરાઓને એ ગમ્યું નહિ.

એમણે ગાંધીજીને ગાળો દઈ ધક્કા મારી ડબામાંથી ઉતારી મૂક્યા અને તેમનો સામાન ફેંકી દીધો.

ગાંધીજીએ જોયું તો બધા જ હિંદીઓની ત્યાં આવી દશા હતી.

ત્યાંના કાયદા જ એવા હતા.

હિંદીઓને ભેગા કરી તેમણે કહ્યું : 'આ તો આપણા દેશનું અપમાન કહેવાય ! આપણે આનો વિરોધ કરવો જોઈએ.'

આમ ગાંધીજી દક્ષિણ આફ્રિકાના હિંદીઓના આગેવાન બની ગયા.

બધા એમને ગાંધીભાઈ કહેતા.

આ હિંદીઓમાં કોઈ હિંદુ હતા, કોઈ મુસલમાન હતા, કોઈ ખ્રિસ્તી હતા.

કોઈ ગુજરાતી હતા, કોઈ મદ્રાસી હતા, કોઈ પંજાબી હતા.

પણ બધાની ઓળખ એક — બધા હિંદી.

૮. બે-ત્રણ વર્ષ પછી ગાંધીજી દેશમાં પાછા આવ્યા.

પોતાના કુટુંબને લઈને ફરી પાછા તેઓ સ્ટીમરમાં આફ્રિકા જવા નીકળ્યા.

આ વખતે આફ્રિકાના ગોરાઓએ નક્કી કર્યું કે ગાંધીજીને સ્ટીમરમાંથી ઊતરવા દેવા નહિ, ઊતરે તો મારવા.

પણ ગાંધીજી કંઈ બીએ કરે નહિ. એ ઊતર્યા.

ગોરાઓએ એમના ઉપર હલ્લો કર્યો.

ગાંધીજી માંડ માંડ બચ્યા.

પણ ગાંધીજીએ કોઈના પર ફરિયાદ કરી નહિ.

તેમણે સૌને માફી આપી.

આની સારી અસર પડી. હિંદીઓની આબરૂ વધી.

૯. પણ દક્ષિણ આફ્રિકામાં ગોરાઓના હાથે હિંદીઓ પર થતા અન્યાયો અને અત્યાચારો વધતા જતા હતા.

આવું જ ચાલ્યા કરે તો ત્યાં કોઈ હિંદી રહી જ શકે નહિ.

એથી ગાંધીજીએ એ અન્યાયોની સામે લડત શરૂ કરી.

હથિયાર વિનાની આ લડાઈ હતી.

ગાંધીજી કહે : 'સરકારના ખોટા કાયદાઓને આપણે માનવા નહિ. એમ કરતાં સરકાર આપણને મારેઝૂડે, આપણા પર તોપબંદૂકો ચલાવે, તોપણ આપણે સામો હાથ ઉપાડવો નહિ, સરકાર પકડીને જેલમાં પૂરે તો શાંતિથી જેલમાં જવું.'

ગાંધીજીએ આ લડતને 'સત્યાગ્રહ' એવું નામ આપ્યું.

દુનિયામાં આ જાતની આ પહેલી લડાઈ હતી.

ઘણાં વરસ આ લડત ચાલી.

સરકારે કેટલીય વાર ગાંધીજીને પકડી જેલમાં પૂર્યા.

જેલમાં સખત કામ કરાવે, હાથમાં ફોલ્લા પડે !

અદાલતમાં પગે ચલાવીને અને હાથમાં બેડીઓ પહેરાવીને લઈ જાય.

એક વાર જેલમાંથી છૂટે કે ફરી પાછા સત્યાગ્રહ કરે ને ફરી જેલમાં જાય.

હજારો હિંદીઓ આમ ફરી ફરી જેલમાં ગયા.

૧૦. આ લડત ચાલતી હતી, તેવામાં સરકારે વળી નવો હુકમ કાઢ્યો.

તેણે હિંદુ ધર્મ અને મુસલમાન ધર્મ પ્રમાણે થયેલાં લગ્નોને રદબાતલ કરવાનો કાયદો કર્યો.

હજારો હિંદી સ્ત્રીઓ આની સામે મેદાને પડી.

ગાંધીજીનાં પત્ની કસ્તૂરબાએ આની આગેવાની લીધી.

તેઓ પણ જેલમાં ગયાં, જેલમાં ખૂબ બીમાર થઈ ગયાં, પણ જરાયે નરમ પડ્યાં નહિ.

૧૧. ગાંધીજીની સેનામાં મોટો ભાગ ગરીબોનો અને અભણોનો હતો.

આવા ચારપાંચ હજાર મજૂરોએ ગાંધીજીની આગેવાની હેઠળ કૂચ કરી.

બધા રોજ ત્રીસ ત્રીસ કિલોમીટર ચાલે.

ગોરાઓ કહે : 'ખબરદાર આગળ વધ્યા છો તો અમે તમને ગોળીએ દેશું !'

પણ હિંદીઓ ડર્યા નહિ, કૂચ ચાલુ કરી.

હજારો પકડાયા.

આખી દુનિયા આ નવી જાતની લડાઈ દંગ થઈને જોઈ રહી.

છેવટે સરકાર થાકી.

તેણે ગાંધીજીની તમામેતમામ માગણીઓ મંજૂર કરી.

૧૨. આમ આફ્રિકામાં વિજયી થઈને એકવીસ વર્ષે ગાંધીજી પાછા દેશમાં આવ્યા. ઈ. સ. ૧૯૧૫. દેશમાં એમને ખૂબ માન મળ્યું.

૧૩. બાર મહિના સુધી ગાંધીજી આખા દેશમાં ફર્યા. તેઓ રેલગાડીના ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરતા. તેમણે દેશનાં ગામડાં જોયાં, ગામડાંના ગરીબ લોકો જોયા.

ઠેર ઠેર ગરીબાઈ, ઠેર ઠેર અજ્ઞાન.

લોકો સરકારના મામૂલી સિપાઈથી પણ બીએ.

ધંધારોજગાર કંઈ મળે નહિ. કામધંધા વગર લોકો ભૂખે મરે.

આ જોઈ ગાંધીજીને બહુ દુઃખ થયું.

તેમણે કહ્યું : ગામડાં બેઠાં કરવાં જોઈએ. ગામડાંના લોકોને ઘેર બેઠાં કામ મળે અને ગામડાંના કારીગરોને ગામડામાં જ કામ મળી રહે તેવું થવું જોઈએ.

તેમણે અમદાવાદમાં આશ્રમ સ્થાપ્યો.

આશ્રમનું નામ પાડ્યું સત્યાગ્રહાશ્રમ. આજે તેને હરિજનાશ્રમ કહે છે.

આશ્રમનું બધું જ કામ — પાયખાનું સાફ કરવાથી માંડી રસોડાની રસોઈ સુધીનું બધું જ કામ — બધા કરે. ગાંધીજી પણ કરે.

એક વાર એક વકીલ ગાંધીજીને કહે : 'મારે લાયક કંઈ કામ હોય તો કહો.'

એના મનથી કે ગાંધીજી કંઈ લખવાનું કહેશે.

પણ ગાંધીજીએ કહ્યું : 'લ્યો, આ દાણા સાફ કરો !'

ગાંધીજી આવા કર્મવીર હતા.

૧૪. ૧૯૧૬ની સાલ હતી. કાશીમાં રાજામહારાજાઓ વચ્ચે ગાંધીજીને ભાષણ કરવાનું થયું.

બધા કોટપાટલૂનના અંગ્રેજી પોશાકમાં, ગાંધીજી ગામડિયા પોશાકમાં — ધોતિયું, પહેરણ ને માથે કાઠિયાવાડી ફેંટો !

બધા અંગ્રેજીમાં બોલે, ગાંધીજી હિંદીમાં બોલ્યા.

અને શું બોલ્યા ? બોલ્યા કે, હે રાજામહારાજાઓ, આ ઠાઠમાઠ છોડો અને દેશની ગરીબાઈ ટળે તેવું કંઈ કરો !

કોઈથી ડરો મા, ડરો તો એક ઈશ્વરથી જ ડરો.

રાજામહારાજાઓ ચૂપ ! પણ ગાંધીજીની નીડરતા જોઈ લોકો ખુશ થયા. તેમને થયું કે આ અમારો બેલી આવ્યો.

૧૫. અમદાવાદના આશ્રમમાં એક હરિજન કુટુંબ રહેવા આવ્યું. ગાંધીજીએ એક હરિજન બાળા લક્ષ્મીને પોતાની દીકરી કરી રાખી.

રૂઢિચુસ્તોએ હો હો કરી મૂકી. પણ ગાંધીજી ચળ્યા નહિ.

તેમણે કહ્યું : 'હું હરિજનો ભેગો હરિજનવાસમાં રહીશ, પણ હરિજનોને નહિ છોડું.'

ગાંધીજી આવા હરિજન-સેવક હતા.

ગાંધીજીએ હરિજનોની જેવી સેવા કરી છે તેવી ભાગ્યે જ બીજા કોઈએ કરી હશે.

તેઓ પોતે ધંધે વણકર કહેતા. કહેતા કે, 'મારો બીજો જન્મ થવાનો હોય તો હરિજનને ઘેર થજો.'

૧૬. બિહારમાં ગળીની ખેતી થતી, પણ ખેડૂતોને તેનું પૂરું વળતર મળતું નહિ.

આથી ગાંધીજી ત્યાં તપાસ કરવા ગયા.

ત્યારે ગોરા કલેક્ટરે તેમને હુકમ કર્યો : 'પાછા જાઓ, નહિ તો હું તમને સજા કરીશ.'

ગાંધીજીએ કહ્યું : 'કરો સજા ! હું પાછો નથી જવાનો.

મારા દેશબાંધવોનાં સુખદુ:ખની ખબર કાઢવાનો મને હક છે.'

કલેક્ટરે ગભરાઈને હુકમ પાછો ખેંચ્યો, પણ આખા દેશમાં એક નવી હવા ઊભી થઈ ગઈ કે સંરકારનો ખોટો હુકમ માનવા આપણે બંધાયેલા નથી.

૧૭. ગાંધીજી ગામડાંમાં ફરતા હતા.

ત્યાં એક જગાએ સ્ત્રીઓને ગંદાં કપડાંમાં જોઈ કસ્તૂરબાએ એક સ્ત્રીને કહ્યું :

'બહેન, કપડાં ધોતાં કેમ નથી ?'

એ બહેને રોતાં રોતાં કહ્યું : 'મારી પાસે બદલવા બીજું કપડું નથી. શું પહેરું ને શું ધોઉં ?'

ગાંધીજીએ આ જાણ્યું ત્યારે તેમનું હૃદય વલોવાઈ ગયું.

કહે : 'અરેરે, મારા દેશની આ દશા !'

Acc. No. 130237

તેમણે પહેરણ, ટોપી ઉતારી નાખ્યાં ને માત્ર ટૂંકી પોતડી પહેરવાનુ રાખ્યુ.

પોતાના દેશવાસીને અંગ ઢાંકવા પૂરું કપડું ન મળે, ને પોતે કેવી રીતે પૂરાં કપડાં પહેરે ?

ગાંધીજી આવા કરુણાનો અવતાર હતા.

૧૮. પ્રાણીમાત્ર પર ગાંધીજીને પ્રેમ હતો.

પછી ગાય પર હોય એમાં નવાઈ શી ?

પણ આપણા દેશમાં ગાયોની સારી માવજત થતી નથી એ જોઈ તેમણે ગાયનું દૂધ લેવાનું છોડી દીધું અને બકરીનું દૂધ લેવાનું રાખ્યું હતું. પાછળથી ગાયોની સેવા માટે તેમણે 'ગો-સેવા સંઘ' સ્થાપ્યો હતો. આ સંઘ હજી પણ કામ કરે છે.

ગાંધીજી આવા ગો-ભક્ત હતા.

૧૯. સને ૧૯૧૪માં યુરોપમાં મોટી લડાઈ ફાટી નીકળી.

એને પહેલું વિશ્વયુદ્ધ કહે છે.

એ પાંચ વર્ષ ચાલ્યું હતું.

આ યુદ્ધમાં અંગ્રેજો જર્મનોની સામે લડતા હતા.

ગાંધીજીએ અંગ્રેજોને યુદ્ધમાં ઘણી મદદ કરી હતી. તેમને એવી આશા હતી કે યુદ્ધમાં અંગ્રેજો જીતશે તો આપણને સ્વરાજ આપશે.

અંગ્રેજો જીત્યા, પણ એમણે આપણને સ્વરાજને બદલે નવો જુલમી કાયદો આપ્યો. હવે ગાંધીજીનો સરકાર પરથી વિશ્વાસ ઊઠી ગયો.

તેમના હુકમથી આખા દેશે એક દિવસ હડતાલ પાડી.

એ દિવસ તે તા. ૬-૪-૧૯૧૯.

ગામે ગામ ને શહેરે શહેર બધું બંધ !

સરઘસો ને સભાઓ ! સરઘસો ને સભાઓ !

ચારે તરફ વંદે માતરમ્ ! વંદે માતરમ્ ! બીજી વાત નહિ !

૨૦. આ વખતે અમૃતસરના જલિયાંવાલા બાગમાં જાહેર સભા થઈ.

સભામાં હજારો સ્ત્રી-પુરુષો ને બાળકો.

ગોરો અફસર લશ્કર લઈને આવ્યો અને ધડાધડ ગોળીઓ છોડવા માંડ્યો.

લગભગ ચારસો માણસો મરી ગયા ને બારસો જેટલા ઘાયલ થયા.

સરકારના મનથી લોકો બી જશે, પણ બીવાને બદલે લોકો વધારે કાઠા થયા.

નાગ ફૂંફાડા મારે તેમ આખો દેશ સરકારની સામે ફૂંફાડા મારવા લાગ્યો.

૨૧. હવે ગાંધીજીએ સ્વરાજ્યની લડતની ઘોષણા કરી.

તેમણે કહ્યું, 'આપણા દેશનું રાજ્ય આપણા જ હાથમાં જોઈએ.

અંગ્રેજોની પાસે લશ્કર છે ને તોપબંદૂકો છે, તો આપણી પાસે સત્ય અને અહિંસા છે.'

તેમણે કહ્યું : 'સરકારની સામે અસહકાર કરો. સરકારને કોઈ પણ જાતની મદદ નહિ કરો.

સરકારી નોકરીઓ છોડો, સરકારી ખિતાબો છોડો, સરકારી કોર્ટકચેરીઓ છોડો, સરકારને કરવેરા ભરવાનો ઇનકાર કરો ! એમ કરવા જતાં સરકાર જેલમાં પૂરે તો જેલમાં જાઓ. લાઠી મારે તો લાઠી ખાઓ, ગોળી મારે તો ગોળી ખાઓ !'

આખો દેશ સૂતેલો સિંહ જાગે તેમ જાગી ગયો.

લોકો ભય તજી ભડ બની ગયા.

કદી ઘરની બહાર પગ નહિ દેનારી સ્ત્રીઓ પણ હજારોની સંખ્યામાં સરઘસોમાં નીકળી પડી. નાનાં નાનાં બાળકોની વાનરસેનાઓ વંદે માતરમ્‌ની ગર્જના કરી ગામ ગજવવા લાગી.

સરકારે લોકો પર લાઠીઓ ચલાવી, ઘોડા દોડાવ્યા, ગોળીઓ ચલાવી, હજારો હજારોને પકડી જેલમાં પૂર્યા, પણ જુવાળ વધતો જ ગયો.

કોઈએ કદી જોયું નહોતું, ધાર્યું નહોતું એવું બની ગયું હતું.

આખી દુનિયા આ જોઈને તાજુબ થઈ ગઈ.

૨૨. એવામાં વિલાયતના રાજાનો પાટવી કુંવર આપણા દેશમાં ફરવા આવ્યો.

ગાંધીજીનો હુકમ ફરી વળ્યો કે કોઈએ એના સામું જોવું નહિ.

બસ, એ જ્યાં જાય ત્યાં હડતાલ.

એક ચકલુંયે ફરકે નહિ.

સરકાર આવરી બાવરી બની ગઈ.

૨૩. પણ ગાંધીજીની અહિંસાની વાત લોકો બરાબર સમજ્યા નહોતા.

ક્યાંથી સમજે ? સમજવું કંઈ સહેલી વાત નહોતી.

તેથી દેશમાં કેટલીક જગ્યાએ લોકો તોફાને ચડ્યા અને કેટલીક પોલીસ ચોકીઓમાં પોલીસોને જીવતા બાળ્યા.

એટલે ગાંધીજીએ એકદમ લડત બંધ કરી દીધી.

તેમણે હુકમ આપ્યો : 'લોકોને પહેલાં તૈયાર કરો, પછી લડશું.'

અજ્ઞાની લોકોએ કરેલી હિંસાથી દુઃખી થઈ તેમણે પાંચ દિવસના ઉપવાસ કર્યા.

૨૪. લડત બંધ થઈ એટલે હવે સરકારે ગાંધીજીને પકડવાની હિંમત કરી.

અમદાવાદમાં એમનો કેસ ચાલ્યો, એમને છ વરસની સજા થઈ.

પણ બે વર્ષ પછી સરકારે એમને છોડી દીધા.

આ વખતે દેશમાં હિંદુ-મુસલમાનોમાં વેરઝેર પેદા થઈ ગયાં હતાં, તેથી કોમી તોફાનો થતાં હતાં.

ગાંધીજીને મન હિંદુ-મુસલમાન બેઉ સરખા — બેઉ એક શરીરની બે આંખો જેવા. એમનાં વેરઝેર શમાવવા એમણે એકવીસ દિવસના ઉપવાસ કર્યા.

૨૫. ગાંધીજીની એક જ વાત : હિંદુ-મુસલમાન બેઉ ભાઈ સંપીને રહો ! હરિજનોને અપનાવો ! જેવો બ્રાહ્મણ તેવો જ હરિજન ! ગામડાંને બેઠાં કરો ! હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી પહેરો ! સાદાઈથી રહો ! પાઈ પૈસો તો ઠીક, પણ પાણીનું એક ટીપું નકામું ન વાપરો ! આખા દેશમાં સૌની સાથે સલાહસંપથી રહો !

આખા દેશમાં ફરીને ગાંધીજી આ ઉપદેશ કરવા લાગ્યા.

૨૬. પંડિત જવાહરલાલ નેહરુના પ્રમુખપદે લાહોરમાં મોટી સભા ભરાઈ. તેણે ઠરાવ કર્યો કે પૂર્ણ

સ્વરાજથી ઓછું અમને કંઈ ખપે નહિ. હવે અમે પૂર્ણ સ્વરાજ માટે લડીશું.

૧૯૩૦ના જાન્યુઆરીની છવ્વીસમી તારીખે આખા દેશમાં 'આઝાદી દિન' ઊજવાયો. આજે એ દિવસ 'પ્રજાસત્તાક દિન' તરીકે ઊજવાય છે.

૨૭. ૧૯૩૦ના માર્ચની બારમીએ વહેલી સવારે ૭૮ સાથીદારો સાથે ગાંધીજીએ અમદાવાદના આશ્રમને છેલ્લા રામરામ કર્યા ને કહ્યું : 'સ્વરાજ્ય લીધા વિના અહીં ફરી પગ નહિ મૂકું.'

ગાંધીજી પગપાળા ચાલી નીકળ્યા. ૨૪ દિવસે, ૨૪૧ માઈલની કૂચ કરી એ સૂરત પાસે દાંડીના દરિયાકિનારે પહોંચ્યા.

દરિયાકિનારે મીઠું કુદરતી પાકે, પણ અંગ્રેજ સરકાર એ લેવા દેતી નહોતી. ગાંધીજીએ એ સરકારી કાનૂનનો ભંગ કરી મીઠું ઉપાડ્યું.

બસ, આખા દેશમાં સરકારના કાયદા તોડવાનું શરૂ થઈ ગયું.

ગાંધીજીએ દુનિયા સમક્ષ જાહેર કર્યું : 'બળિયા સામેની આ સાચની લડાઈ છે.'

આખી દુનિયા આંખો ફાડી આ સાચની લડાઈ જોઈ રહી.

બોલો સૌ : મહાત્મા ગાંધી કી જે !

૨૮. ધરાસણામાં સરકારી મીઠાના અગરો હતા.

ગાંધીજીની લડાઈ ખુલ્લી હતી, કશું છૂપું નહિ.

તેમણે સરકારને ખબર આપી કે હું તમારા અગરોનું મીઠું લૂંટવાનો છું.

હવે ગાંધીજીને સરકારે પકડી જેલમાં પૂર્યા, પણ ધરાસણા પર હલ્લો ચાલુ રહ્યો.

સરકારે બેદમ લાઠીમાર ચલાવ્યો, કેટલાયનાં માથાં ભાંગ્યાં, હાથપગ ભાંગ્યા, કોઈ મરી ગયા, પણ કોઈએ બચાવમાં હાથ સરખો ઊંચો કર્યો નહિ.

આખા દેશમાં આ દશા હતી. ઠેરઠેર હડતાલ અને સરકારી કાનૂનનો ભંગ ! લાખો માણસો જેલમાં ગયા.

થાકીને સરકારે ગાંધીજીની સાથે સમાધાન કર્યું. એક બાજુ સરકારના પ્રતિનિધિ વાઇસરૉય અને બીજી બાજુ દેશના પ્રતિનિધિ ગાંધીજી. બેઉએ સમોવડિયાની રૂએ સંધિ કરી. સરકારે સત્યાગ્રહીઓને છોડી દીધા અને ગાંધીજી સરકારના મહેમાન તરીકે બ્રિટનની અંગ્રેજ સરકારને મળવા વિલાયત ગયા.

૨૯. વિલાયત ઠંડો દેશ, પણ ગાંધીજીનો પોશાક તો હતો એ જ રહ્યો. વિલાયતના રાજાને મળવા ગયા તોયે એ જ પોશાક.

વિલાયતમાં ઘણી વાટાઘાટો થઈ, પણ સરકારે સ્વરાજનો ફોડ પાડ્યો નહિ.

ગાંધીજી હતાશ થઈને પાછા આવ્યા.

દેશમાં આવીને જોયું તો સરકારે સંધિનો ભંગ કર્યો હતો, તેથી ગાંધીજીએ ફરી સત્યાગ્રહની ઘોષણા કરી.

સરકારે તરત એમને પકડી જેલમાં પૂરી દીધા.

સત્યાગ્રહની લડત ફરી જોશમાં ચાલી.

૩૦. હિંદમાં રહે તે બધા હિંદી કહેવાય — પછી તે હિંદુ હોય, મુસલમાન હોય, પારસી, શીખ કે ખ્રિસ્તી હોય.

બધાનું હિત એક. પણ અંગ્રેજ સરકાર એવું નહોતી ગણતી. એ મુસલમાનોનું હિત બીજા બધા કરતાં જુદું ગણતી.

હવે તેણે તેમાં નવો ઉમેરો કર્યો — હરિજનોનો.

તેણે હુકમ કાઢ્યો કે હરિજનોને હિંદુઓથી અલગ ગણવામાં આવશે.

ગાંધીજી તે વખતે જેલમાં હતા.

તેમણે સરકારના આ હુકમ સામે ઉપવાસ શરૂ કર્યા.

તેમણે જાહેર કર્યું કે સરકાર આ હુકમ નહિ રદ કરે તો હું ઉપવાસ કરીને દેહ છોડીશ.

હરિજનોના સૌથી મોટા આગેવાન હતા ભીમરાવ આંબેડકર.

બહુ ઉમદા અને સમજદાર માણસ.

તેમણે ગાંધીજીની સાથે હરિજનોની બાબતમાં સમાધાન કર્યું.

અંગ્રેજ સરકારે તે કબૂલ રાખી પોતાનો હુકમ રદ કર્યો.

ગાંધીજીના ઉપવાસ છૂટ્યા.

૩૧. પણ થોડા દિવસ પછી એક મધરાતે ગાંધીજીના અંતરમાંથી અવાજ આવ્યો : 'એકવીસ દિવસના ઉપવાસ કર.'

તરત ગાંધીજીએ ઉપવાસ શરૂ કર્યા.

આ વખતે સરકારે તેમને જેલમાંથી છોડી દીધા.

ઉપવાસ હેમખેમ પાર પડ્યા, પણ દેશ પર એની જાદુઈ અસર થઈ.

હિંદુઓનાં ઘરો ને મંદિરો હરિજનો માટે ખુલ્લાં થઈ ગયાં.

ગાંધીજી આખા દેશમાં ફરતા રહ્યા અને હિંદુ-મુસલમાન એકતા, દારૂબંધી, ગો-સેવા, ખાદી, ઘાણીનું તેલ, હાથછડના ચોખા, મારેલાં પશુઓના ચામડાનાં નહિ, પણ કુદરતી મોતે મરેલાં પશુઓના

ચામડાનાં પગરખાં, વગેરે ગામડાંના ઉદ્યોગો વિશે લોકોને સમજ આપતા રહ્યા.

૩૨. નિર્ભયતા તો ગાંધીજીની જ !

એક વાર તેઓ પઠાણોનાં ગામોમાં ફરતા હતા. પઠાણો લડાયક કોમ, એટલે વખતે કોઈ ગાંધીજીને ઈજા કરી બેસે એ બીકે કેટલાક માણસો ગાંધીજીના મુકામ પર ચોકી પહેરો કરતા હતા. ગાંધીજીને ખબર પડતાં તેમણે કહ્યું : ‘મારે કોઈ ચોકીદાર ન જોઈએ. મારો ચોકીદાર ભગવાન છે !’

પઠાણો કહે : ‘આનું નામ ખુદાઈ બંદો !

૩૩. સને ૧૯૩૯માં ફરી યુરોપમાં લડાઈ જાગી — બ્રિટન અને જર્મની વચ્ચે.

પછી તો એ આખી દુનિયામાં ફેલાઈ ગઈ. એને બીજું વિશ્વયુદ્ધ કહે છે.

સરકારે કહ્યું : ‘અમને મદદ કરો.’

ગાંધીજીએ કહ્યું : ‘પહેલાં અમને સ્વતંત્ર જાહેર કરો, પછી મદદની વાત !’

પણ સરકારે માન્યું નહિ. ત્યારે ગાંધીજીએ ફરી સત્યાગ્રહ શરૂ કર્યો. પણ આ સત્યાગ્રહ નાના પાયા પર હતો. હજી ગાંધીજીને આશા હતી કે સરકાર સમજશે.

પણ સરકાર ન સમજી. ખરેખરા સ્વરાજને બદલે સ્વરાજના નાના નાના ટુકડા આપી ભારતને ખુશ કરવાનો તેણે પ્રયત્ન કર્યો, પણ ગાંધીજી એ ચાલાકી પામી ગયા. મુંબઈમાં તા. ૮-૮-૧૯૪૨ના રોજ તેમણે સાફ સાફ શબ્દોમાં સરકારને સુણાવી દીધું કે ગાંસડાં પોટલાં બાંધી સિધાવો તમારે ઘેર ! 'ક્વિટ ઈન્ડિયા !'

૩૪. સરકારે ગાંધીજી અને બધા જ નેતાઓને એકસાથે પકડી લીધા.

એકદમ આખા દેશમાં લડત શરૂ થઈ ગઈ.

લોકો કહે 'કરેંગે યા મરેંગે ! આ પાર કે પેલે પાર !'

સરકારી જુલમોએ માઝા મૂકી. સેંકડો માણસો ગોળીએ મર્યા.

આખો દેશ જાણે એક છેડાથી બીજા છેડા સુધી સળગી ઊઠ્યો હતો.

તે વખતે ગાંધીજી યરવડા(પૂના)ની જેલમાં હતા. તેમની સાથે તેમના મંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈ હતા. એકાએક જેલમાં મહાદેવભાઈનું અવસાન થયું.

ગાંધીજીના દુઃખનો પાર ન રહ્યો. તેમનો જાણે જમણો હાથ કપાઈ ગયો.

૩૫. જેલ બહાર લોકો પર સરકારના જુલમો વધતા જતા હતા. તેથી દુઃખી થઈ ગાંધીજીએ જેલમાં ૨૧ દિવસના ઉપવાસ શરૂ કર્યા. તેમની હાલત એકદમ ગંભીર થઈ ગઈ. પણ ઈશ્વરકૃપાએ એ બચી ગયા.

૩૬. આ વખતે કસ્તૂરબા પણ ગાંધીજીની સાથે જેલમાં હતાં.

જેલમાં જ તેમણે દેહ છોડ્યો. પહેલાં મહાદેવભાઈનું બલિદાન, પછી કસ્તૂરબાનું બલિદાન.

તે પછી ગાંધીજી માંદા પડ્યા. આ વખતે સરકારે તેમને છોડી દીધા.

આ તેમનો છેલ્લો જેલવાસ હતો. તેમણે દક્ષિણ આફ્રિકામાં ૨૪૯ દિવસ જેલમાં કાઢ્યા હતા, પણ ભારતમાં ૨૦૮૯ દિવસ !

૩૭. સાજા થતાં ફરી ગાંધીજીએ હિંદુ-મુસલમાન એકતા અને હરિજન-સેવાનું કામ ઉપાડ્યું. તેમણે મુસલમાનોના નેતા શ્રી મહંમદઅલી ઝીણાને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો કે આપણે એક થઈ દેશને સ્વતંત્ર કરીએ. પણ ઝીણા સાહેબે એક જ વાત પકડી રાખી કે ભારતના બે ટુકડા કરો — એક તમે રાખો, બીજો અમને દઈ દો ! તમારું હિંદુસ્તાન, અમારું પાકિસ્તાન !

ઝીણા સાહેબને અંગ્રેજ સરકારનો ટેકો હતો. તેમણે ગાંધીજીને મચક ન આપી તે ન આપી.

૩૮. અંગ્રેજ સરકાર હવે એટલું તો સમજી જ ગઈ હતી કે હિંદને સ્વરાજ્ય આપ્યા વિના ચાલવાનું નથી અને અમારે હવે જવાનું છે. પણ જતાં જતાં લાત મારતા જવાની ટેવ કેમ જાય ? તેણે ગાંધીજીને કહ્યું કે ઝીણા સાહેબને મનાવો. પણ ઝીણા સાહેબ વધારે ને વધારે અક્કડ થતા જતા હતા. તેમણે પાકિસ્તાનનો નારો ચલાવ્યો. કલકત્તામાં ત્રણ દિવસ સુધી ભયાનક તોફાનો થયાં. પાંચ હજારથી વધારે માણસોનાં મોત થયાં અને પંદર હજારથી વધારે ઘાયલ થયા. આના જવાબમાં બે-ત્રણ મહિના પછી કલકત્તામાં હિંદુઓએ તોફાન કર્યું. ભારે ખૂનરેજી થઈ. એનું વેર વાળવા બંગાળના નોઆખાલીમાં અને બીજે મુસલમાનોએ કતલ અને અત્યાચારોનો દોર ચલાવ્યો. તેનો પડઘો બિહારમાં હિંદુઓએ પાડ્યો. પણ વેરથી વેર શમે નહિ એ વાત કોઈ સમજ્યું નહિ.

૩૯. ગાંધીજીનો જીવ વલોવાઈ જતો હતો.

તેઓ પહેલાં નોઆખાલી ગયા. કહે : 'મરી જવું પસંદ કરીશ, પણ હારીને પાછો નહિ ફરું.'

નોઆખાલીમાં એકદમ તંગ વાતાવરણ હતું, પળે પળે જીવનું જોખમ હતું. પણ ગાંધીજી ત્યાં એકલા ફરતા હતા.

તેમની સાથે મનુબહેન હતાં. અચાનક એક દિવસ મનુબહેનને પોરબંદરના વૈષ્ણવ મંદિરમાં સાંભળેલી એક ધૂન યાદ આવી ગઈ.

*ઈશ્વર અલ્લા તેરે નામ,*
*સબકો સન્મતિ દે ભગવાન !*

ગાંધીજીને આ ધૂન ખૂબ ગમી ગઈ. તેમની દરેક સભામાં હવે એ ગવાવા માંડી.

આજે આખા ભારતમાં એ ગવાય છે.

૪૦. બંગાળમાં ગાંધીજી ૧૫૬ ગામોમાં ૧૧૬ માઈલ ઉઘાડા પગે ફર્યા.

તેઓ મુસલમાનોનાં ઘરોમાં ઊતરતા.

એક વાર એક મુસલમાન ગાંધીજીને મળવા આવ્યો. તેના હાથમાં એક ઝાડની ડાળખી હતી.

ડાળખી પર બે પાંદડાં હતાં. બેય પાંદડાં જુદી જાતનાં હતાં.

તેણે ગાંધીજીને કહ્યું : 'આવું કેમ હશે ?'

ગાંધીજીએ કહ્યું : 'ખુદાની કરામત છે. આ ડાળ તે હિંદુસ્તાન અને તેમાં બે પાંદડાં તે

હિંદુ-મુસલમાન. ડાળનાં બે પાંદડાં પેઠે બંનેનું નસીબ જોડાયેલું છે.'

સાંભળી બધા ખુશ થયા.

૪૧. બંગાળથી ગાંધીજી બિહાર ગયા.

તેમના દિલની વેદનાનો પાર નહોતો.

આવાં ભયાનક તોફાનોમાં પણ સેંકડો બનાવો એવા બન્યા હતા જ્યાં મુસલમાનોએ હિંદુઓને બચાવ્યા હતા અને હિંદુઓએ મુસલમાનોને બચાવ્યા હતા.

ગાંધીજી કહે : 'આવું બધે જ હોવું જોઈએ.'

૪૨. વળી પાછું અંગ્રેજ સરકારનું કહેણ આવ્યું.

ગાંધીજી વાઈસરૉયને મળવા દિલ્હી ગયા.

વાઈસરૉયે કહ્યું : 'હવે અમે જઈએ છીએ.'

ગાંધીજીના મનમાં હજી એવી આશા હતી કે હિંદુ-મુસલમાનો સંપી જશે અને દેશના ટુકડા નહિ થાય. પણ એ આશા ઠગારી નીવડી. પંડિત જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા ભડવીરોએ ગાંધીજીને કહ્યું કે 'બાપુ, દેશના ટુકડા કરવા જ પડશે !'

ગાંધીજીની વેદનાનો પાર નહોતો. તેમણે કહ્યું : 'બીજો કોઈ રસ્તો નથી શું ?'

નેહરુજીએ કહ્યું : 'નથી, એ વિના આ તોફાનો નહિ શમે !'

લાચાર બની ગાંધીજીએ દેશના ભાગલા સ્વીકારી લેવાની લોકોને સલાહ આપી.

૪૩. લગભગ બસો વર્ષે ભારતમાંની અંગ્રેજી હકૂમતનો અંત આવ્યો.

તા. ૧૫-૮-૧૯૪૭ના રોજ આપણો દેશ સ્વતંત્ર થયો — ભારત અને પાકિસ્તાન એવાં બે સ્વતંત્ર રાજ્ય બન્યાં.

દિલ્હીમાં મોગલ બાદશાહોના લાલ કિલ્લા પર સ્વતંત્ર ભારતનો ત્રિરંગી ધ્વજ ફરક્યો અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું રચેલું રાષ્ટ્રગીત ગવાયું :

*જનગણમનઅધિનાયક જય હે, ભારતભાગ્યવિધાતા,*
*પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા, દ્રાવિડ, ઉત્કલ, બંગ,*
*વિન્ધ્ય હિમાચલ યમુના ગંગા ઉચ્છલ જલધિ-તરંગ !*
*તવ શુભ નામે જાગે,*
*તવ શુભ આશિષ માગે,*
*ગાહે તવ યશગાથા,*
*જનગણ મંગલદાયક જય હે, ભારત ભાગ્ય વિધાતા !*
*જય હે ! જય હે ! જય હે !*
*જય જય જય જય હે !*

૪૪. એ વખતે ગાંધીજી ક્યાં હતા ?

દિલ્હીમાં ?

ના, એ કલકત્તામાં હતા. કલકત્તામાં ફરી કોમી તોફાનો ફાટી નીકળ્યાં હતાં, તેથી એ ત્યાં વેરની આગ ઠારવા ગયા હતા.

તેમના પ્રયાસોથી ત્યાં શાંતિ થઈ પણ ખરી.

૪૫. બીજી બાજુ પાકિસ્તાનમાં હિંદુઓ અને શીખો પર કાળો કેર વરસ્યો. તેમનાં ઘરબાર લૂંટાયાં, સ્ત્રીઓનાં અપહરણ થયાં, હજારોની કતલ થઈ. લાખો માણસો જીવ બચાવવા ભારતમાં આવ્યા.

દિલ્હીમાં કોમી ઝનૂન ફાટી નીકળ્યું. અહીં મુસલમાનોની દશા બૂરી થઈ.

દેશના ટુકડા કરવાથી કોમી આગ હોલવાશે એ આશા ખોટી પડી.

ગાંધીજી દિલ્હી છોડી ગયા. તેમનું હૃદય દુઃખી થઈ ગયું હતું.

તેમણે કોમી શાંતિ સ્થાપવા ઉપવાસ શરૂ કર્યા ને પ્રભુને પ્રાર્થના કરી : 'પ્રભુ, મને બળ આપ !'

અઠ્યોત્તેર વર્ષની ઉંમરે આ ઉપવાસ !

આખો દેશ ચિંતામાં પડી ગયો.

છ દિવસના ઉપવાસ પછી શહેરમાં શાંતિ સ્થપાઈ ત્યારે ગાંધીજીએ ઉપવાસ છોડ્યા.

૪૬. પણ કેટલાક ઝનૂની હિંદુઓને આ ગમ્યું નહિ. તેમને થયું કે ગાંધીજી હિંદુઓના ભોગે મુસલમાનોની તરફેણ કરે છે. આવા એક જણે એક દિવસ ગાંધીજીની પ્રાર્થનાસભામાં બૉમ્બ ફેંક્યો. પણ ગાંધીજી બચી ગયા.

હવે સરકાર આપણી હતી. નેહરુજી વડાપ્રધાન હતા અને સરદાર વલ્લભભાઈ નાયબ વડાપ્રધાન હતા. તેમણે ગાંધીજીના રક્ષણનો બંદોબસ્ત કરવા કહ્યું, પણ ગાંધીજી કહે : 'ના, મારી પ્રાર્થનાસભામાં કોઈ રોકટોક નહિ !'

૪૭. બે દિવસ પછી એ ગોઝારો બનાવ બની ગયો.

તા. ૩૦-૧-૪૮ સાંજે પાંચ વાગ્યે ગાંધીજી પ્રાર્થનાસભામાં આવતા હતા, ત્યારે એક માણસે તેમને પગે લાગવાનો ઢોંગ કરી ફડાફડ ત્રણ ગોળીઓ છોડી તેમની છાતી વીંધી નાખી.

'હે રામ !'નો પોકાર કરી ગાંધીજી ઢળી પડ્યા.

૪૮. ગાંધીજીની હત્યાના ખબર સાંભળી આખી દુનિયા સ્તબ્ધ થઈ ગઈ.

આખી દુનિયાએ એનો શોક પાળ્યો.

નેહરુજીએ ગળગળા થઈ કહ્યું : 'આપણા જીવનમાંથી પ્રકાશ ચાલી ગયો છે અને બધે અંધારું

થઈ ગયું છે. આપણા પ્યારા બાપુ, આપણા રાષ્ટ્રપિતા હવે નથી.

'પણ આ પ્રકાશ કંઈ સાધારણ પ્રકાશ નહોતો. હજાર વર્ષ પછી પણ એ પ્રકાશ આપણા દેશમાં રહેશે અને દુનિયા એ જોશે !'

એક વિશ્વવિખ્યાત પુરુષે તો એટલે સુધી કહ્યું કે ગાંધીજી એવા દિવ્ય પુરુષ છે કે ભવિષ્યના લોકો કદાચ માનશે નહિ કે એક કાળે આવો પુરુષ મનુષ્યદેહે પૃથ્વી પર વિચરણ કરતો હતો !

૪૯. બીજે દિવસે ગાંધીજીની ભવ્ય સ્મશાનયાત્રા નીકળી.

દિલ્હીમાં યમુના નદીના કિનારે એમને અગ્નિદાહ દેવામાં આવ્યો.

એ જગાને રાજઘાટ કહે છે. ત્યાં એમની સમાધિ છે.

સમાધિ પર શબ્દો છે 'હે રામ !'

દુનિયાભરમાંથી લોકો એ સમાધિનાં દર્શન કરવા આવે છે.

૫૦. ગાંધીજીનાં અસ્થિ ભારતની તમામ નદીઓ અને તીર્થસ્થાનોમાં પધરાવવામાં આવ્યાં છે. ઠેરઠેર એમનાં સ્મારકો છે, એમની પ્રતિમાઓ છે. એમના

નામના રસ્તાઓ છે, પણ ગાંધીજીનું સાચું સ્મારક એમનું જીવન છે. એમણે તો કહેલું કે 'મારું જીવન એ જ મારો સંદેશ છે.'

આપણે એ સંદેશ ન ભૂલીએ અને રટીએ —

*ઈશ્વર અલ્લા તેરે નામ,*
*સબકો સન્મતિ દે ભગવાન !*

Acc. No. 130237
Date 8-9-2010


## 'રેંટિયે લેજો હરિનું નામ'

રેંટિયો દીનતણો દાતાર, રેંટિયે લેજો હરિનું નામ!
રેંટિયો ભૂખ્યાંનો ભંડાર, રેંટિયે લેજો હરિનું નામ!
રેંટિયો અન્નજળનો દેનાર, રેંટિયે લેજો હરિનું નામ!
રેંટિયો વસ્તરનો પૂરનાર, રેંટિયે લેજો હરિનું નામ!

જુગ જુગ જીવો રેંટિયો, જુગ જુગ જીવો સંત,
જુગ જુગ સુખશાંતિ તપો, પૃથ્વી પીઠ અનંત!

રેંટિયો દળદરનો હરનાર, રેંટિયે લેજો હરિનું નામ!
રેંટિયો આંગણાનો શણગાર, રેંટિયે લેજો હરિનું નામ!
રેંટિયો ગરીબડાંની ગાય, રેંટિયે લેજો હરિનું નામ!
રેંટિયે ગરવાં ગુણિયલ થાય, રેંટિયે લેજો હરિનું નામ!

□



Library IIAS, Shimla
GJ 891.474 SO 588 A
00130237

SABARMATI ASHRAM
000892 Ahmedabad
CHANDAN NA ZAD GUJ.
MRP: Rs. 5